

જુનિયર સિટિઝન્સ કાઉન્સીલ, ગાંધીનગર દ્વારા અનામી મૃતકોની મોક્ષ અર્થે શ્રાધ્ધ વિધિ અને શ્રી સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. સેક્ટર-૪-બી સ્થિત સંકટ મોચન હનુમાનજી તથા શનીદેવ મંદિરે મૂકબધીર શાળાના બાળકો, અંધશાળાના બાળકો, ઓબ્ઝર્વર હોમના બાળકો, મંદબુદ્ધિના બાળકો, ડભોડા ભિક્ષુક ગૃહની અસ્થિર મગજની બહેનો, વૃધ્ધાશ્રમના વૃદ્ધો, એચઆઈવી અસરગ્રસ્ત બાળકો એવા કુલ ૮૦૦ જેટલા વ્યક્તિઓને પ્રેમભરી જમાડવાનું ઉમદા કાર્ય આ સંસ્થા અને નગરના દાતાઓ દ્વારા કરવામાં આવ્યું હતું. (તસવીર : કશ્યપ નીમાવત)

# આપઘાતનું દુષ્પ્રેરણ કરનાર બે વ્યાજખોરો સામે ગુનો દાખલ

## દર મહિને ૫૦ હજાર ચુકવતો હોવાનું સ્યુસાઈડ નોટમાં યુવાને લખીને આપઘાત કર્યો

ગાંધીનગર, તા. ૨૩

સેક્ટર-૨૮માં રહેતા યુવાને વ્યાજખોરોના ત્રાસથી પોતાના ઘરે આપઘાત કરી લીધુ હોવાનું ખુલ્યું છે. ત્યારે મૃતદેહ પાસેથી સ્યુસાઈડ નોટ પણ મળી આવી છે. સે. ૨૧ પોલીસે આપઘાત કરી લેતા પહેલા યુવાને લખેલી નોટ કબજે લઈ તે દિશામાં તપાસ કરી છે. સ્યુસાઈડ નોટમાં ગાંધીનગરના બે વ્યાજખોરોના નામ સાથે તેના ટોર્ચરીંગ અંગે લખેલુ છે. બન્ને વ્યાજખોરો સામે ગુનો નોંધીને સે. ૨૧ પોલીસે તપાસ શરૂ કરી છે.

સેક્ટર-૨૮, નવરત્ન સોસાયટીમાં પ્લોટ નં. ૨૨૩/૧ માં રહેતા ૩૧ વર્ષિય શિરિષ દેવેન્દ્રભાઈ પટેરીયા નામના યુવાન શંકાસ્પદ હાલતમાં ગઈકાલે ઘરે બેભાન હાલતમાં પડેલો દેખાતા તેના પિતા દેવેન્દ્રભાઈ તાત્કાલિક હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. યુવાને આપઘાત કરી લીધો હોવાનું બહાર આવ્યું હતું અને ગાંધીનગરના વ્યાજખોરોના ત્રાસથી તથા તેમને દર મહિને ૫૦ હજાર વ્યાજ પેટે ચુકવતો હોવા છતાં અપાતા ટોર્ચરીંગથી કંટાળીને તેણે આપઘાત કરી લીધો હોવાનું ખુલ્યું છે. ઘરેથી મળેલી સ્યુસાઈડ નોટમાં શિરીષે તેની માતાને સંબોધીને વ્યાજખોરો દ્વારા અપાતા ત્રાસ અને તેમની પાસે પડેલા બાઈકો અંગે જણાવ્યું છે. સ્યુસાઈડ નોટ પોલીસે જપ્ત કરીને વ્યાજખોરો પ્રકાશ શ્રોફ અને વિપુલ કાપડીયા સામે ગુનો નોંધી સે. ૨૧ પી.આઈ. ભરતસિંહ ચાવડાએ તપાસ શરૂ કરી છે.

# કેપીટલ સ્ટેશનને યોગ્ય રસ્તાથી જોડવા વસાહત મહામંડળની માંગ

## સર્પાકાર રસ્તો ભૂલભૂલૈયા સમાન : બહારના મુસાફરો સ્ટેશને પહોંચે ત્યાં ટ્રેન મીસ થઈ જાય છે !!

ગાંધીનગર, તા. ૨૩

કેપીટલ સ્ટેશનને અનુલક્ષી જરુરી સુવિધાઓ ઉપલબ્ધ ન થતા યાત્રિકો ત્રાહીમામ પોકારી ગયા છે. મહાત્મા મંદિર સામેથી સ્ટેશનને જોડતો સીધો રસ્તો સોલ્ટ માઉન્ટને કારણે બંધ કરી દેવાયો છે. સર્પાકાર માર્ગના લીધે યાત્રિકો પરેશાન છે ત્યારે સ્ટેશનને યોગ્ય રસ્તાથી જોડાણ આપવા પ્રબળ માંગ ઉઠવા પામી છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરુણ બૂચે આ અંગે રજૂઆતમાં જણાવ્યા અનુસાર કેપીટલ સ્ટેશન તરફનો સર્પાકાર રસ્તો યાત્રિકો માટે ભૂલભૂલૈયા સમાન બની ગયો છે. યાત્રિકો સ્ટેશન શોધે તે પહેલા તો ટ્રેઈન મીસ થઈ જાય તેવી દયનીય સ્થિતિ સર્જાઈ છે. બહારથી આવતા નાગરિકો માટે આ સ્થિતિ મોટી મુંઝવણનું કારણ બની છે. આ મામલે અનેકવાર સરકાર સમક્ષ રજુઆત કરવામાં આવી છે. મહામંડળના પ્રમુખ તેમજ પદાધિકારીઓ મયુર વ્યાસ, સુધીર દેસાઈ, કીશોર જીકાદરા તેમજ શશીકાન્ત મોઢાએ માર્ગ મકાન વિભાગના સચિવશ્રી જૈન સમક્ષ રજૂઆતમાં જણાવ્યા મુજબ સ્ટેશન તરફ બંને બાજુની અવર-જવરના રસ્તા અલગ કરી સાઈન બોર્ડ પણ યોગ્ય જગ્યાએ મુકાવવા જોઈએ. આ વિસ્તારમાં સ્થિત કોલોની દૂર કરી રેલવે સ્ટેશનને છાજે તેવા રસ્તાનું નિર્માણ કરવું જોઈએ. દુવિધાઓના લીધે કેટલાક યાત્રિકો સ્ટેશનમાં જ રાતવાસો કરે છે ત્યારે નવી ટ્રેઈનો લંબાવતા પૂર્વે મુસાફરોને સુવિધા મળે તેવું આયોજન કરવા પણ મહામંડળે માંગ ઉઠાવી છે. જયારે અગ્રતાના ધોરણે આ કામ હાથ ધરાય તેમ પણ રજૂઆતમાં જણાવાયું છે.

# એસજેપીઆઈ કોલેજમાં સ્ટ્રેટેજીમ અને બિઝનેશ કોમ્પીટીશન યોજાઈ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર સ્થિત જયરામભાઈ પટેલ બિઝનેશ કોલેજમાં બિઝનેશ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. કોમ્પીટીશનમાં ૬૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

ઈન્ફોસિટી પાસે આવેલ જયરામભાઈ પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ બિઝનેશ મેનેજમેન્ટ કોલેજમાં વિદ્યાર્થીઓના વિકાસ માટે બિઝનેશ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં નવી પ્રોડકટનો વિકાસ થાય અને માર્કેટીંગ માટેની વિવિધ પધ્ધતિઓ સહિતના વિષયોને આવરી લેવામાં આવ્યા હતા સ્પર્ધામાં ૬૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

તેમજ વિદ્યાર્થીઓએ અલગ અલગ સ્ટોલ નાખ્યા હતા. સ્ટોલમાં અવનવી વાનગી અને કોલ્ડ્રીંકસનું વેચાણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ અલય અને અંજનીના નેજા હેઠળ યોજવામાં આવ્યો હતો. ઈવન્ટ કોર્ડીનેટર તરીકે ડૉ. મમતા બ્રહ્મભટ્ટ અને ડૉ. કલગી શાહે સુકાન સંભાળ્યું હતું.



સમાજની આ કેવી વિસંગતતા છે. એક તરફ દીકરીઓના માન સન્માન વધે તેવી જોરશોરથી સરકારશ્રી તેમજ સુજ્ઞ નાગરિકો દ્વારા જાહેરાતો કરવામાં આવે છે. બીજી તરફ આવી કેટલીય દીકરીઓ છે જેને અસ્તિત્વ ટકાવવા કેવા કેવા જોખમી કામ કરવા પડે છે. આસપાસ ઉભેલા સમાજના કહેવાતા સુધારકો જોઈને મોં ફેરવી જતા રહે છે. યા તો આઠાના, રૂપિયો નાંખી અફસોસ જતાવી જાય છે. જરૂર છે આવી પરિસ્થિતિને જડમૂળમાંથી કાઢવાની તો જ દીકરીઓની સાચી કદર થશે. (તસવીર : કશ્યપ નીમાવત)

# શુકન ગ્રુપના છેતરપીંડી પ્રકરણમાં વધુ બે આરોપીઓની ધરપકડ

## સ્કીમના માલિક રમેશ પટેલના પત્નિ અને દિકરાને એલસીબીએ દબોચી લીધા

ગાંધીનગર, તા. ૨૩

શુકન ગ્રુપનાં રમેશ પટેલ અને પાર્ટનર્સ સાગરીતોએ મળીને સ્કીમ મુકી તેને વેચી દીધી હોવા છતાં એ જ સ્કીમ પર કરોડોની લોન લઈ છેતરપીંડી આચરી હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાવા પામી હતી. સમગ્ર પ્રકરણની તપાસ ગાંધીનગર એલસીબીએ શરુ કરી હતી. દરમિયાન આ ગુનામાં સંડોવાયેલા રમેશ પટેલના પત્નિ અને દીકરાની પણ એલસીબીએ ધરપકડ કરી લીધી છે.

શુકન ગ્રુપના પાર્ટનર્સ દ્વારા સ્કીમની જગ્યા ઉપર કરોડોની લોન બેંકમાંથી લઈ લીધી હતી. મકાન ખરીદનાર પાર્ટીઓ પોતાના મકાનની લોન લેવા બેંક પાસે ગયા ત્યારે સમગ્ર કૌભાંડ બહાર આવ્યું કે તે જગ્યા પર તો પહેલેથી જ ૩૫ કરોડથી વધુની લોન લેવાઈ ચુકી છે. જેને પગલે આ સમગ્ર મામલે પોલિસ ફરિયાદ રમેશ પટેલ સહિત તેના વિવિધ પાર્ટનર્સ સામે નોંધાતા એલસીબીને તપાસ સોંપાઈ હતી. રમેશ પટેલ તથા તેના કેટલાક સાગરીતોની અગાઉ ધરપકડ કરવામાં આવી હતી. દરમિયાન એલસીબીની ટીમે આ છેતરપીંડીના ગુનામાં સંડોવાયેલા પાર્ટનર્સ રમેશ પટેલની પત્નિ ભાનુબેન પટેલ અને દિકરા રોમીલ પટેલની ધરપકડ કરી ઉંડી તપાસ શરુ કરી છે.



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

ગાંધીનગરના માર્ગો ઉપર ઢોરોના ત્રાસથી નગરજનોને છુટકારો મળે તેવા હેતુથી મ્યુનિસિપલ કમિશનરે જાહેરનામુ બહાર પાડી રૂ. ૨૫૦૦ના દંડની જોગવાઈ કરી છે તેમજ ઢોર માલિક સામે કાયદેસરની કાર્યવાહી જેવી સખ્તાઈ કરવામાં આવી છે. છતાં નગરના માર્ગો ઉપર ઢોરના ટોળાં યથાવત જ રહ્યા છે જેથી મ્યુનિસિપલ કમિશનરની કાર્યવાહીના આદેશ ફકત ફાઈલો પૂરતા મર્યાદિત બન્યા હોય તેવું આ દશ્યમાં સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

# ચાર વર્ષથી નાસતો ફરતો ચોરીનો આરોપી આખરે ઝડપાયો

## એલસીબીની એબસ્કોન્ડર સ્કવોર્ડે પાંચ વર્ષથી વોન્ટેડ મારામારીનો આરોપી પણ પકડી પાડયો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર એલસીબીની એબસ્કોન્ડર સ્કવોર્ડે નાસતા ફરતા આરોપીઓ તથા પેરોલ ફર્લો જમ્પ



શખ્સોને પકડવા માટે સતત બાતમીઓ મેળવી ધરપકડ કરે છે. એબસ્કોન્ડર સ્કવોર્ડ દ્વારા આજે બે વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે. જેમાં એક દહેગામ પોલીસ સ્ટેશનમાં વોન્ટેડ મારામારીનો અને બીજો અડાલજ પોલીસ સ્ટેશનમાં વોન્ટેડ ચોરીનો આરોપી છે.

નાસતા ફરતા આરોપીઓ પકડવા માટે અલગ ટીમની રચના ડીએસપી શરદ સિંઘલની સુચનાથી કરવામાં આવી છે. જે એબસ્કોન્ડર સ્કવોર્ડના પીએસઆઈ કૃણાલ પટેલ તથા તેમની ટીમે એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની સુચનાથી વધુ બે વોન્ટેડ આરોપીઓને પકડી પાડયા છે. દહેગામ પોલીસ સ્ટેશનમાં આઈપીસી ૩૨૪, ૪૫૨ના ગુનામાં વર્ષ ૨૦૦૯થી નાસતા ફરતા પુનમ ભઈજી જાડેજાની અને અડાલજ પોલીસ સ્ટેશનમાં આઈ.પી.સી. ૩૭૯ના ગુનામાં વર્ષ ૨૦૧૦થી વોન્ટેડ લક્ષ્મણજી ઉર્ફે ટીનાજી ભોપાજી રહે. વડાલી, તા. કડી જી.



મહેસાણા બંને શખ્સોની એબસ્કોન્ડર સ્કવોર્ડે ધરપકડ કરીને સંબંધીત પોલીસ સ્ટેશનમાં મોકલી આપ્યા છે.

# આંતર ઝોનલ સ્પર્ધામાં વિનસ કોલેજે ૧૪ ગોલ્ડ મેડલ જીત્યા

ગાંધીનગર, તા. ૨૩

વિનસ ઈન્ટરનેશનલ કોલેજ ઓફ ટેકનોલોજીના પાંચ વિદ્યાર્થીઓએ આંતર ઝોનલ સ્પર્ધામાં મેડલ મેળવ્યા છે. વડોદરા ખાતે યોજાયેલ સ્પર્ધામાં જી.ટી.યુ. સંલગ્નની કોલેજોએ ભાગ લીધો હતો.

વડોદરા ખાતે જી.ટી.યુ. સ્પીરીટ-૨૦૧૪ આંતર ઝોનલ સ્પર્ધા ગત ઓગસ્ટ મહિનાની ૨૭ અને ૨૮ ના રોજ યોજવામાં આવી હતી. સ્પર્ધામાં જી.ટી.યુ. સંલગ્ન ૨૫ જેટલી એન્જીનિયરીંગ ફાર્મસી, બી.એ., એમ.બી.એ., એમ.સી.એ. કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

સ્પર્ધામાં વિનસ ઈન્ટનેશનલ કોલેજ ઓફ ટેકનોલોજીના પાંચ વિદ્યાર્થીઓએ મેડલ મેળવ્યા છે. જેમાં કરણ પટેલ, મેહુલ નાયી, આકાશ કુરીલ સહિતના ખેલાડીઓએ ૧૪ ગોલ્ડ, ૨ સિલ્વર અને ૪ કાંસ્ય ચંદ્રક મેળવી આંતર ઝોનલ કક્ષાએ ૩૪ ગુઢા પ્રાપ્ત કર્યા છે. ભાઈઓની તરણ સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. રાષ્ટ્રીય સ્તરે વિદ્યાર્થીઓ ગુજરાતની જીટીયુ ટીમમાં પસંદગી પામ્યા છે.

# શિક્ષણવિદ્ કિરીટભાઈ જોશીને શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ

ગાંધીનગર, તા. ૨૩

અર્વાચીન યુગના ઋષિ, શિક્ષણ વિદ્ અરવિંદના પૂર્ણયોગના ઉપાસક, બહુશ્રુત વિદ્વાન, ભારતીય તત્વજ્ઞાન અને વેદ ઉપનિષદના ભાષ્યકાર તથા અસંખ્ય પુસ્તકોના સર્જક પ્રો. કિરીટભાઈ જોશીની ચિરવિદાયથી ફક્ત ગુજરાતને જ નહીં, પણ સમગ્ર ભારતને ઘણી મોટી ખોટ પડી છે. તેઓએ ગુજરાતની શિક્ષણ પદ્ધતિમાં નવીકરણ માટેનો દિશાબોધ આપ્યો છે. ગુજરાતની ત્રણ નૂતન શિક્ષણ સંસ્થાઓ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર્સ એજ્યુકેશન તથા ગુજરાત એજ્યુકેશન ઈનોવેશન કમિશનના નિર્માણમાં એમની મુખ્ય ભૂમિકા રહી છે. આવા મહાન શિક્ષણવિદ યોગીને શ્રદ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા ગત ૨૦મીના રોજ યોજવામાં આવ્યો હતો. જેમાં લેબર કમિશનર ડૉ. જયંતિ રવિ, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહ સહિત અનેક મહાનુભાવોએ ભાવભરી શ્રદ્ધાંજલિ આપી હતી. પ્રધાનમંત્રી, ગુજરાત રાજ્યના ગવર્નર તથા મુખ્યમંત્રી સહિત અનેક મહાનુભાવોના શોક સંદેશાઓનું પઠન કરવામાં આવ્યું હતું.

## હીરામણી કેમ્પસમાં એ.સી. હોલનું ઉદ્દ્ઘાટન

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર-સરખેજ હાઈવે પર આવેલ મણીબેન હીરાલાલ અમીન વિદ્યાસંકુલ ખાતે નવ નિર્મિત કોન્ફરન્સ હોલનું પ્રથમ મહિલા મુખ્યમંત્રીના હસ્તે ઉદ્દ્ઘાટન કરવામાં આવશે. તા. ૨૫ સપ્ટેમ્બર પ્રથમ નવરાત્રીના શુભ દિવસે હીરાલાલ આશાભાઈ અમીન હોલને ખુલ્લો મુકવામાં આવશે.

## બી.એન. પંડ્યાને વર્ગ-૧ માં બઢતી આપવામાં આવી

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત વિધાનસભા સચિવાલયના ગ્રંથાલય અધિકારી તરીકે ફરજ બજાવતા એન.બી. પંડ્યાને સરકારશ્રીએ તાજેતરમાં જ મુખ્ય ગ્રંથપાલ અને સંશોધન અધિકારી તરીકે વર્ગ-૧ની જગ્યા પર બઢતી આપીને ગ્રંથાલયમાં તેમણે કરેલ પ્રશંસાપાત્ર કામગીરીની કદર કરી છે. ગ્રંથાલયમાં ધારાસભ્યશ્રીઓને ત્વરિત માહિતી અને સંદર્ભ સેવા આપવાની સાથે સાથે પંડ્યાએ એમ.ફીલ અને પીએચડીના સંશોધન કાર્ય માટે આવતા સંશોધકોને સુંદર સહકાર પૂરો પાડી સંશોધન પ્રવૃત્તિને પણ ઉત્તેજન આપ્યું છે, તેમજ ગ્રંથાલયના કોમ્પ્યૂટરાઈઝેશન તથા ડીજિટાઈઝેશનના પ્રોજેક્ટ્સમાં ઊંડો રસ લઈ ગ્રંથાલયમાં આધુનિક ટેકનોલોજીના પગરણ કરાવ્યા છે. પંડ્યાને ખૂબ ખૂબ અભિનંદન તથા ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભેચ્છાઓ પાઠવી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૯
સૂર્યાસ્ત : ૬.૩૩

## તાપમાન

મહત્તમ : ૩૪.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૧ ટકા ● સાંજે ૬૧ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્કીન-૧ :

દાવત એ ઈશ્ક : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્કીન-૨ :

ખૂબસૂરત : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

ફાઈન્ડીંગ ફેની (અંગ્રેજી) : ૫.૪૫, ૧૦.૧૫

સ્કીન-૩ :

ક્રિએચર (૩ડી) : ૬.૪૫

: સ્કીન-૪ :

ફાઈન્ડીંગ ફેની : ૧૨.૧૫, ૨.૧૫, ૧૦.૦૦

બે યાર (ગુજરાતી) : ૪.૧૫

આગાડુ (તેલુગુ) : ૭.૦૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :

ખૂબસૂરત : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્કીન-૨ :

દાવત એ ઈશ્ક : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્કીન-૩ :

ક્રિચર : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : કુટુંબીજનો સાથે ભાગ્યવર્ધક સંભવિત યાત્રા-પ્રવાસ થઈ શકે છે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તનના યોગ બની રહ્યા છે નોકરીમાં બદલી-બઢતી થઈ શકે છે.

**વૃષભ** : કળાત્મક કાર્યોમાં વિશેષ ચિંતનનો યોગ. કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી હિતાવહ છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**મિથુન** : આવકના સાધનોથી લાભ પ્રાપ્તિ થશે, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્ય થશે. કોઈ ચિંતાથી મુક્તિ મળશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સંચિત ધન વૃદ્ધિના ઉત્તમ ગુપ્ત કાર્યોમાં રુચિ વધશે.

**કર્ક** : વ્યાપાર- વ્યવસાયમાં સારો અને લાભદાયી રહેશે. નકારાત્મક વિચારોથી દુર રહેવું. ખાનપાનમાં ગડબડીથી પેટમાં તકલીફ થઈ શકે છે. નવા સંબંધ લાભદાયક રહેશે.

**સિંહ** : વાહન ધ્યાનથી ચલાવો. માતૃપક્ષ તરફથી આર્થિક ક્ષેત્રમાં મદદ વગેરેનો યોગ. તમારા કાર્યોથી પ્રશંસા થશે. આવક-જાવકમાં સંતોલન રહેશે.

**કન્યા** : સમાજમાં માન, પદ-પ્રતિષ્ઠા, સંબંધી કાર્યોમાં લોકપ્રિયતામાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. સાવચેતી રાખવી. વ્યવસાયિક લાભ અને સુખસમૃદ્ધિ વધશે. ધાર્મિક ક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રાઓ વિશેષ યોગ. કલાત્મક કાર્ય થશે.

**તુલા** : ભાગીદારીમાં પરિવર્તન વગેરેથી વિશેષ લાભ પ્રાપ્ત થશે. વ્યાપારમાં ભાગીદારીથી લાભ. કુટુંબમાં માંગલિક કાર્યો થઈ શકે છે. રોગ, શત્રુ વિવાદ વગેરેમાં ખર્ચ થશે.

**વૃશ્ચિક** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. આવકના સ્ત્રોતથી વિશેષ લાભ થવાની સંભાવના છે. જળ વિભાગોથી ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દઢ નિશ્ચયથી જટિલ કાર્યનો પણ ઉકેલ થશે. જીવનમાં નિરાશાનો આભાસ થઈ શકે છે.

**મકર** : માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવના છે. નોકરીમાં સ્થિતિ મજબૂત રહેશે. વેપાર સારો ચાલશે. પ્રયત્નોનું ફળ પ્રાપ્ત થઈ શકશે.

**કુંભ** : પ્રેમ સંબંધમાં સફળતા મળી શકે છે. આજે કુંટબના સભ્યોને લઈને માંગલિક કાર્યની રૂપરેખા બનશે. દૈનિક વેપારમાં ભાગીદારી પરિવર્તન સંબંધી કાર્ય થઈ શકે છે.

**મીન** : આવકના સાધનોમાં વિસ્તાર માટે ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. કર્મક્ષેત્રમાં વિશેષ કલાત્મક કાર્યો થઈ શકશે. વિશેષ ખર્ચ થવાની સંભાવના છે.

## ચિરવિદાય

- સ્વ. પૂંજીબેન કાન્તીભાઈ પ્રજાપતિ (ઉ.વ.૭૦) મુ. સોનીપુર, તા.જી. ગાંધીનગર
- સ્વ. પટેલ લક્ષ્મીબહેન પ્રહલાદભાઈ (ઉ.વ.૯૨) પ્લોટ નં. ૯૪૮/૨, સેક્ટર-૩ડી, ગાંધીનગર
- સ્વ. ઠાકોર મંગાજી મફાજી (ઉ.વ.૩૫) મુ. રાંધેજા, તા.જી. ગાંધીનગર
- સ્વ. વાઘેલા જીવણલાલ સુંદરલાલ (ઉ.વ.૭૫) પ્લોટ નં. ૨૫૫/૧, સેક્ટર-૩બી, ગાંધીનગર
- સ્વ. નાગરભાઈ મોહનભાઈ ચાવડા (ઉ.વ.૫૩) મુ. પેથાપુર, તા.જી. ગાંધીનગર